ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૧૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૬૭ ટકા

# ગ-૨ પાસે વર્ના કાર થાંભલા સાથે અથડાઈ



ગાંધીનગર શહેરના ચકાચક માર્ગો પર બેફામ ગતિએ વાહન ચાલકો પોતાના વાહનો હંકારતા નજરે પડે છે. જેને પગલે માર્ગ અકસ્માતોની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે.ત્યારે ગતરોજ રાત્રીના ૯ વાગ્યાના અરસામાં ગ-૨ થી ગ-૩ તરફ જવાના માર્ગ પર અચાનક જી.જે.૧૮.બી.જે.-૪૯૩૯ ના કાર ચાલકે કાર પરનો કાબુ ગુમાવતા કાર ડીવાઈડર પર ચડીને સરકારી સીસીટીવી કેમેરાના થાંભલા સાથે ટકરાઈ હતી. જો કે અકસ્માતમાં કાર ચાલકનો આબાદ બચાવ થયો હતો, પરંતુ ટક્કર એટલી જોરદાર હતી કે થાંભલો નમી ગયો હતો. જયારે કારના આગળના ભાગનો ખુડદો બોલાઈ ગયો હતો.

# શહેરની ખાનગી હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવતી યુવતિએ નોકરીની લાલચમાં ૧ લાખ ગુમાવ્યા

### ઘરે બેઠા કમાઓ, પાર્ટ ટાઈમ - ફુલ ટાઈમ ઉંચા પગારની નોકરીની લાલચ આપી વિવિધ રજીસ્ટ્રેશન ફીના નામે રૂ.૧ લાખ પડાવ્યા

ગાંધીનગર, તા.૧૩

શહેરની ખાનગી હોસ્પિટલમાં ફરજ બજાવતી યુવતિ સાથે રૂ.૧ લાખની છેંતરપિંડી થઈ છે. ઘરે બેઠા નોકરી આપવાની લોભામણી લાલચ આપીને વિવિધ રજીસ્ટ્રેશન ફી ના નામે યુવતિ સાથે છેતરપિંડી કરવામાં આવી છે. યુવતિને છેતરપિંડીનો ખ્યાલ આવી જતા પૈસા પરત માંગતા સામેવાળાએ બીજા રૂપિયા માંગતા આખરે યુવતિએ સમગ્ર મુદ્દે સાઈબર ક્રાઈમમાં ફરીયાદ નોંધાવી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સાબરમતી એક સોસાયટીમાં રહેતી યુવતિ ખાનગી હોસ્પિટલમાં ફરજ પર હાજર હતી. તે સમયે તેણે તા.૭ નવેમ્બરના રોજ એક પેપરમાં ટચુકડી જાહેરાત જોઈ હતી. જેમાં એક મોબાઈલ કંપનીના નામ સાથે એસએમએસ જોબ છોકરા-છોકરીઓ ઘરે બેઠા કમાઓ પાર્ટ ટાઈમ ફુલ ટાઈમ રૂ.૧૬,૬૦૦ થી ૪૮,૮૦૦ મહિને (લેપટોપ અને મોબાઈલ ફ્રી) જાહેરાત જોઈ હતી. જેથી યુવતિએ નોકરી માટે આપેલા નંબર પર પોતાની વિગતો મોકલી આપી હતી. જેને પગલે સામેથી બીજા નંબરથી યુવતિ પર મેસેજ આવ્યો હતો જેમાં રૂ.૨૧૫૦ ભરવા માટે જણાવ્યું હતું. યુવતિએ ઓનલાઈન રૂપીયા ટ્રાન્સફર કરતા બીજા પૈસા માંગ્યા હતા. સામેવાળા વ્યકિતએ રજીસ્ટ્રેશન ફી થી લઈને ઉંચા પગારની નોકરીની લાલચ આપી યુવતિ પાસેથી રૂ. ૧,૦૧,૫૮૦ પડાવી લીધા હતા. નોકરી પણ મળશે અને રૂપીયા પણ પરત મળશે તેવી વાતમાં આવી ગયેલી યુવતિને છેતરપિંડીનો ભોગ બની હોવાનો અહેસાસ થયો હતો. યુવતિએ પૈસા પરત માગતા સામેવાળા વ્યકિતએ બીજા રૂપીયા માંગ્યા હતા. ત્યારબાદ યુવતિએ બનાવ અંગે સાઈબર ક્રાઈમમાં ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

# બીએસએનએલ કટ પાસે કાર-સ્કુટી વચ્ચે અકસ્માત બે ને ઈજા

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરના ચ માર્ગ પર ગુરુવારના રોજ સાંજના સુમારે બીએસએનએલ કટ પાસે સ્કુટી અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં સ્કુટી પર સવાર બહેનોને ઈજા થતા સારવાર માટે ખાનગી હોસ્પિટલ લઈ જવાયા હતા. બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ બોપલ આબાદનગર ખાતે અરીહઓમ બંગ્લોઝ મ નં.૬૩ ખાતે રહેતા મૈત્રી સુહાગ વસાવડા લક્ષ્મી હોસ્પિટલ બોપલ ખાતે ડાયેટ્રીશીયન તરીકે ફરજ બજાવુ છું. જયારે નોકરી પર આવન-જાવન માટે ફરીયાદીના પરિચિતનું સ્કુટી નં.જી.જે.૧૮.એ.એન.-૨૮૩૭ ઉપયોગ કરે છે. તા.૧૦ ના રોજ ફરીયાદી તેમજ તેમના ભાભી ચાંદનીબેન ચિરાગભાઈ છાયા ને બેસાડી સચિવાલય ગેટ નં.૭ થી ચ-૩ તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન સાડા ચાર વાગ્યાના અરસામાં સે-૧૧ બીએસએનએલ કટ પાસે એક કાર ચાલકે પોતાની ગાડી ગફલતભરી રીતે હંકારી સ્કુટીને ટકકર મારી હતી. અકસ્માતને પગલે સ્કુટીમાં સવાર બંને બહેનો નીચે પડી ગયા હતા. ફરીયાદીને ડાબા હાથના કાંડાના ભાગે અને શરીરે તેમજ તેમના ભાભીને કપાળના ભાગે પહોંચી હતી. જેથી ૧૦૮ દ્વારા તાત્કાલીક ખાનગી હોસ્પિટલ ખસેડાયા હતા. ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જયારે અકસ્માત સર્જનાર કારનો નંબર જી.જે.૦૫.બી.ટી.૭૦૯૪ હોવાનું રાહદારી દ્વારા જાણવા મળ્યું હતું. બનાવ અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે કાર ચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# સે-૪માં સોલાર પેનલ નાંખવા સર્જાયેલી ગેરસમજથી બે વૃક્ષો કપાયા...!!

### કોર્પોરેટરની સૂચનાથી હાથ ધરાયેલી કામગીરીને જાગૃત યુવાને પડકારતાં વધુ વૃક્ષો કપાતા અટકયા : ગ્રીન ઉર્જા પેદા કરવાની લ્હાયમાં હરિયાળીનો જ સોથ વળતાં અટકયો



ગાંધીનગર, તા.૧૩

આજના સમયમાં પર્યવરણનું જતન એ ખૂબ જ પેચીદો પ્રશ્ન બની રહ્યો છે. ગ્લોબલ વોર્મિંગ અને કલાઈમેટ ચેન્જ જેવી સમસ્યાઓ સામે ઝઝુમવા વૈકલ્પિક ઉર્જા જેવા ઉપાયોનું શરણું લેવામાં આવી રહ્યું છે. જેમાં સોલાર એનર્જી નોંધપાત્ર બની રહી છે. આ અંતર્ગત શહેરમાં ‘સોલાર ટ્રી’ લગાડવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે પરંતુ શનિવારે શહેરના સેકટર-૪માં સ્થાનિક કોર્પોરેટરે સૂચવેલી જગ્યાએ ‘સોલાર ટ્રી’ લગાડવા નડતરરૂપ વૃક્ષો ટ્રીમીંગ કરવાનું કાર્ય હાથ ધરાયું હતું જેમાં સર્જાયેલી ગેરસમજથી બે વૃક્ષો આખે આખા કાપી નાંખવામાં આવ્યા હતા. જો કે પર્યાવરણપ્રેમીઓએ વાંધો ઉઠાવતા આખી ગેરસમજ ધ્યાનમાં આવી હતી અને વધુ વૃક્ષો કપાતાં બચી જવા પામ્યા હતા.

સેકટર-૪-એમાં બગીચા પાસેના હારબંધ ઉભેલા વૃક્ષો કાપવાની કામગીરી ચાલુ હતી તે દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલા એક જાગૃત પર્યાવરણપ્રેમી યુવાને તે કામગીરી નિહાળી કારીગરોને પૂછયું હતું કે, ‘આ વૃક્ષો કેમ કાપો છો? તે કાપવા માટે કોઈ મંજુરી લીધી છે કે કેમ?’ આ પછી જાણવા મળ્યું કે સ્થાનિક કોર્પોરેટર પ્રવિણાબેન વોરાની સૂચનાથી તેઓ આ વૃક્ષો કાપી રહ્યા હતા તેથી પેલા યુવાને કોર્પોરેટરનો સંપર્ક સાધતા તેઓ સ્થળ પર ધસી આવ્યા હતા અને જણાવ્યું હતું કે, ‘અહીં સોલાર ટ્રી લગાડવાની હોવાથી નડતરરૂપ વૃક્ષોનું ટ્રીમીંગ કરવા મેં કહ્યું હતું, વૃક્ષ આખા કાપી નાંખવાનું કીધું નથી.’ આ સાથે કારીગરોની ગેરસમજ દૂર થતાં બાકીના વૃક્ષો કપાતા બચી જવા પામ્યા હતા. જો કે આ દરમિયાન એકઠાં થયેલા નાગરિકોને એ વાતનું આશ્ચર્ય થયું હતું કે ‘ગ્રીન ઉર્જા પેદા કરવા લગાડાતી સોલાર પેનલ માટે હરિયાળીનું જ નિકંદન થાય તે કેટલું યોગ્ય છે.’ જો કે એક પર્યાવરણપ્રેમી યુવાનની જાગૃતતાના કારણે વધુ વૃક્ષોનો સોથ વળતાં અટકયો હતો.

# વાવોલમાં ભાજપ અગ્રણી શૈલેષભાઈ પટેલની પેજ પ્રમુખ તરીકે નિયુકિત

ગાંધીનગર, તા.૧૩

આગામી સમયમાં આવી રહેલી મહાનગરપાલિકાની ચુંટણીના સંદર્ભે ભારતીય જનતા પાર્ટી દ્વારા માઈક્રો પ્લાનીંગ શરુ કરી દેવામાં આવ્યું છે. આ વખતે ગાંધીનગર મહાનગરપાલિકાનો વિસ્તાર બૃહદ થયો છે અને નવા



ગ્રામ્ય અને નવવિરસીત શહેરી વિસ્તારો પણ જાણે મનપામાં સામેલ થયા છે તેથી ચુંટણી જંગ રસપ્રદ બનશે તે સ્પષ્ટ જણાઈ રહ્યું છે.

ભાજપ દ્વારા નવા સમાવિષ્ટ વિસ્તારોમાં ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે જેના સંદર્ભે આ વિસ્તારોમાં પેજ પ્રમુખ સહિત સમિતિની નિમણુંક કરવામાં આવી છે જે અંતર્ગત વાવોલના શૈલેષભાઈ પટેલની પહેલા પેજ પ્રમુખ તરીકે નિયુકિત કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે શૈલેષભાઈ પટેલ અગાઉ ગાંધીનગર તાલુકા ભાજપ પ્રમુખ તરીકે કાર્યરત રહી ચુકયાં છે અને વાવોલ વિસ્તારમાંથી તાલુકા પંચાયતની ચુંટણી પણ લડી ચુકયા છે.



મતદાર યાદી સુધારણા ઝુંબેશ શરુ કરવામાં આવી છે. આદીવાડા પ્રાથમિક શાળા, સેકટર-૮ના સેકટર ઓફિસર આર.આર.સોલંકી ચૂંટણી કાર્ડ અંગે જાગૃતિ લાવવા અનોખી રીત અપનાવી રહ્યા છે. તેઓ ઘરે ઘરે જઈ ડ્રમ વગાડી ૧૮ વર્ષથી વધુ વયના થયેલા યુવાનોના ચૂંટણી કાર્ડ સત્વરે કઢાવી લેવા સમજાવી રહ્યાં છે.

# શહેરના ૩-૬ ના કટ પાસે ૩૨ બિયરના ટીન સાથે બે શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરના ઘ-૨ થી ગ-૨ તરફના માર્ગ પર ૩-૬ ના કટ પાસે થી બે શખ્સોને બિયરના ૩૨ ટીન સાથે પોલીસે પકડી પાડયા છે.

મળતી વિગત મુજબ સેકટર-૭ પોલીસનો સ્ટાફના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે તેઓને ખાનગી રાહે બાતમી મળી હતી કે ૩-૬ ના કટ પાસે સાંજના સુમારે બિયરનો વેપાર ચાલી રહ્યો છે. જેથી પોલીસે રેઈડ પાડી બિયરના ટીનની આપ લે કરતા કરતા બે શખ્સોને પકડી પાડ્યા હતા.પોલીસે તેમના નામ પુછતા દિલિપ રામન્ના કાનડી (ઉં.૫૧ રહે.સે-૩ સી પ્લોટ નં.૬૬૯-૨)અને અઝરુદ્દીન ઉમરખાન બલોચ (ઉં.૨૫ રહે.ઈન્દીરાનગર સે-૨૪ છાપરા) હોવાનું સામે આવ્યું હતું. પોલીસે અઝરુદ્દીન દિલિપ કાનડી પાસે બિયરના ટીન લેવા માટે આવ્યો હતો અને ઝડપાઈ ગયો હતો. પોલીસે ૩૨ બિયરના ટીન કિ.૩૨૦૦ જપ્ત કરી પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- સ્વ. જેસંગભાઈ કચરદાસ પટેલ, ઉ.વ. ૮૫, લીંબોન્દ્રા, તા. માણસા
- સ્વ. કનકલતાબેન જયગોવિંદભાઈ શાહ, ઉ.વ. ૭૯, સેકટર-૧૭, ગાંધીનગર
- સ્વ. માનસિંગભાઈ લાલસિંગભાઈ રાણા, ઉ.વ. ૭૪, રાંધેજા, ગાંધીનગર
- સ્વ. શીલાબેન વસંતભાઈ કરડેરા, ઉ.વ. ૭૦, નરોડા, અમદાવાદ
- સ્વ. ગણપતસિંહ ચેલાજી રાજપુત, ઉ.વ. ૭૫, અસારવા, અમદાવાદ
- સ્વ. હર્ષદરાય નાનાલાલ જોષી, ઉ.વ. ૭૭, સેકટર-૮, ગાંધીનગર
- સ્વ. શાન્તાબેન પ્રતાપજી ઠાકોર, ઉ.વ. ૮૫, દશેલા, તા.જી. ગાંધીનગર
- સ્વ. ઠાકોર સોમાજી તીતાજી, ઉ.વ. ૫૧, વડોદરા, તા.જી. ગાંધીનગર
- સ્વ. તિગુણાબેન નાનાલાલ ભટ્ટ, ઉ.વ. ૮૮, સેકટર-૨૦, ગાંધીનગર

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. વિનુભાઈ ડાહ્યાભાઈ પાઠક, ઉ.વ. ૭૨, રીદ્રોલ, તા. માણસા
- સ્વ. નાયક ગીતાબેન કનુભાઈ, ઉ.વ. ૫૨, પાનસર, તા. કલોલ
- સ્વ. મંગળાબેન મોહનલાલ પટ્ટણી, ઉ.વ. ૯૦, કુડાસણ, ગાંધીનગર
- સ્વ. પટેલ પ્રહલાદભાઈ રણછોડભાઈ, ઉ.વ. ૬૫, પાટણપુરા, તા. માણસા
- સ્વ. દીલીપભાઈ સોમનાથ પંડયા, ઉ.વ. ૭૪, કુડાસણ, ગાંધીનગર

# સતત વધી રહેલો પાર્સલ-પેકેઝડ ફુડનો ટ્રેન્ડ કેવો ‘ઓડકાર’ લાવશે??


### બદલાતી જીવનશૈલી સાથે કોરોનાના આગમનને કારણે પાર્સલ-પેકેઝડ ફુડનો મહિમા વધ્યો : હજુ આગામી સમયમાં વધવાની શકયતા ધરાવતા આ ટ્રેન્ડ સાથે અન્નના બગાડ અને સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓ વધી શકે છે




ગાંધીનગર, તા.૧૩

કોરોના મહામારીની અસર સમગ્ર અર્થતંત્ર પર થવા પામી છે જેમાં ફુડ ઉદ્યોગને પણ ઘણી માઠી અસર પહોંચી છે. લાંબા સમય સુધી ઠપ્પ રહેલું આ ક્ષેત્ર ધીમે ધીમે બેઠું થઈ રહ્યું છે પરંતુ અન્ય ક્ષેત્રોની જેમ તેમાં પણ પરિવર્તન જોવા મળી રહ્યું છે. કોરોના સંક્રમણની વ્યાપક દહેશતના પગલે હવે હોટલ-રેસ્ટોરન્ટમાં જઈને ભોજન લેવા કરતા બહારથી તૈયાર ભોજન મંગાવવાનો ટ્રેન્ડ વધી રહ્યો છે તેજ રીતે પેકેઝડ ફુડ, ઈન્સ્ટન્ટ ફુડ, રેડી ટુ ઈટ ફુડ વગેરેનો મહિમા પણ વધી રહ્યો છે અને હજુ આગામી સમયમાં વધુ ઝડપથી વધશે તેવું જાણકારોનું માનવું છે. ભારતીય સંસ્કૃતિમાં ભોજન ગ્રહણ કરવા અંગે અનેક પ્રકારના નિર્દેશો જોવા મળે છે અને અન્ના બગાડને મોટું પાપ ગણવામાં આવે છે. કોરોના મહામારીના કારણે બદલાઈ રહેલા ટ્રેન્ડમાં નવી પેઢી જે પાશ્ચાત્ય દેશોની જેમ તૈયાર ભોજન કે પેકેઝડ ફુડ તરફ આગળ વધી રહી છે તે સામે કેટલાંક જોખમો પણ જોડાયેલા જણાય છે જેમાં અન્નના બગાડથી માંડીને આ પ્રકારના ફુડનો વધુ પડતો ઉપયોગ કરનારના આરોગ્યને પણ અસરો પહોંચી શકે છે તેવું નિષ્ણાંતોનું માનવું છે.

દેશભરમાં પાર્સલ ભોજન કે પેકેઝડ ફુડનો વધી રહેલો ટ્રેન્ડ શરૂ થવા પાછળ કોરોના કાળ ઉપરાંત બદલાઈ રહેલી જીવનશૈલી પણ છે. સતત વધી રહેલા શહેરીકરણ અને માઈક્રો ફેમિલીના કારણે આ ટ્રેન્ડમાં વધારો જોવા મળી રહ્યો છે. એક તો મોંઘવારીનો ભાર તો હતો જ તેમાં કોરોના વાયરસના આગમન પછી સર્જાયેલી મંદીમાં માઈક્રો ફેમિલીમાં એકથી વધુ સભ્યોએ રોજગાર તરફ વધવું જરૂરી થઈ રહ્યું છે અને મહિલા ઘરમાં ભોજન બનાવે તે સ્થિતિ દરેક ઘરમાં સામાન્ય હતી તે હવે બદલાઈ રહી છે અને હવે મહિલા પણ નોકરી કે વ્યવસાયમાં કાર્યરત બની રહી છે. જેના કારણે કેટલાક પરિવારમાં પાર્સલ ફુડ કે પેકેઝડ ફુડ અનિવાર્ય બનતું જાય છે અથવા તેનો ઉપયોગ વધી રહ્યો છે. વળી વીક-એન્ડમાં બહાર જમવા જવાનો જે ટ્રેન્ડ છેલ્લાં કેટલાંક સમયમાં વિકસ્યો હતો તેમાં હવે કોરોના સંક્રમણની દહેશતને પગલે બહારથી ઓર્ડર કરીને જમવાનું ઘરે જ મંગાવી લેવાનો આગ્રહ રાખતા પરિવારોની સંખ્યા પણ વધી રહી છે. આ ઉપરાંત દરેક વખતે આ રીતે ભોજન મંગાવવું મોંઘુ પડતું હોય તેઓ ઈન્સ્ટન્ટ ફુડ કે રેડી ટુ કુક અથવા રેડી-ટુ-સર્વ ફુડનો વિકલ્પ પણ અપનાવી રહ્યા છે. ખાસ કરીને અલગ અલગ વર્કીંગ શીફટમાં કામ કરતા સભ્યો હોય તેવા ઘરમાં આ ટ્રેન્ડ વધુ જોવા મળી રહ્યો છે. એક અભ્યાસ મુજબ આગામી બે એક વર્ષના ગાળામાં પેકેટ ભોજન પર થનારા ખર્ચમાં ૩૬ ટકા જેટલો વધારો થઈ શકે છે. ભારતના પ્રતિષ્ઠિત ઉદ્યોગ સંગઠન એસોચેમના રિપોર્ટ અનુસાર વર્ષ ૨૦૧૦થી ૨૦૧૫ના ગાળામાં પેકીંગ ફુડ પર વાર્ષિક ૨૨.૫ ટકા વધુ ખર્ચ થયો હતો અને ૨૦૧૭ સુધીમાં આ વધારો ૩૨ ટકા સુધી પહોંચ્યો હતો.





અત્યારની સ્થિતિમાં કામકાજના વધતા જઈ રહેલા દબાણને કારણે રસોઈ બનાવવાના કાર્યથી કંટાળતા નાગરિકોની સંખ્યા વધી રહી છે. એસોચેમની આરોગ્ય સમિતિ દ્વારા બાળકો અને બાળકો વગરના કપલ્સ પરિવારોમાં ૮૯.૫ ટકા પરિવારો ભોજન બનાવવાના સમયની સમસ્યા અનુભવી રહ્યા છે અને ૭૨.૬ ટકા કુંવારા નાગરિકોનું માનવું છે કે અત્યંત વ્યસ્ત જીવનશૈલીના કારણે તેમની આ સમસ્યા વધવા પામી છે. સમય બચાવવા માટે તેમની પાસે પેકેઝડ ફુડનો જ વિકલ્પ ઉપયોગી બની રહે છે. આ ઉપરાંત હવે લગ્ન સહિત અનેક સામાજિક, ધાર્મિક કે વ્યવસાયિક પ્રસંગે ફુડ પેકેટસની બોલબાલા વધી રહી છે. આ સાથે બાળકો-યુવાનોમાં તૈયાર નાસ્તા, પડીકા, પેકેઝડ જયુસ, જંક ફુડ, વેફર-ચીપ્સ-નમકીન ઉપરાંત બસ ગરમ કરો અને ખાઓ જેવા ફુડનો ક્રેઝ વધી રહ્યો છે. જો કે આ પ્રકારનો વધી રહેલો ટ્રેન્ડ નાગરિકોના સ્વાસ્થ્યને લાંબે ગાળે અસર પહોંચાડી શકે છે તે સાથે સાથે ભોજનના બગાડની સમસ્યાને પણ વકરાવી શકે છે. તાજેતરમાં જાહેર થયેલા એક સર્વે મુજબ અંદાજે દેશમાં ૨૯ ટકા જેટલાં નાગરિકોને અન્નના અભાવે ભૂખ્યાં સુવુ પડી રહ્યું છે.

રેડીમેડ ફુડ કે પેકેઝડ ફુડમાં ધારાધોરણો તો નિશ્ચિત કરવામાં આવ્યા છે પરંતુ તેનું પાલન દરેક વ્યવસાયિક કેટલી પ્રમાણિકતાથી કરે છે તે પણ એક ચિંતાનો વિષય છે. ઘણા વ્યવસાયિકો જેમાં નાની હોલ-રેસ્ટોરન્ટ કે ફુડ કોર્નરવાળાના મતે ગ્રાહકો પેકિંગ ખર્ચ માટે અલગથી નાણાં ચુકવવા તૈયાર નથી હોતા જેના કારણે પેકીંગ મટિરિયલ્સ ગુણવત્તાભર્યું આપવું મુશ્કેલ બને છે અને પ્લાસ્ટિકની કોથળીઓમાં પેક થતું ભોજન સ્વાસ્થ્ય માટે જોખમી બને છે. પેકેઝિંગની ગુણવત્તા બાબતે તો પ્રશ્નો છે તેમાં પેકેઝડ ફુડ કેટલા સમયમાં વાપરવું તે અંગે પણ વપરાશકર્તા પાસે ચોકકસ માર્ગદર્શનનો અભાવ હોય છે અને ઘણીવાર જાગૃતિના અભાવે પણ તેનો ઉપયોગ કરવામાં લાગતો લાંબો સમય નુકસાનકારક બને છે. પેકેઝડ ફુડમાં પ્રિઝર્વેટિવ્ઝનો ઉપયોગ કરવામાં આવે છે જો તે વધુ પ્રમાણમાં વપરાયાં હોય તો વ્યકિતના શરીરમાં સોડિયમની માત્રા વધુ જાય છે જેના નિકાલ માટે કિડનીને વધુ કામ કરવું પડે છે સરવાળે કિડનીમાં કેલ્શિયમ વધુ જમા થતાં પથરી સહિતના દર્દનો ભોગ બનવુ પડે છે તેવો તબીબોનો મત છે. વળી પેકેઝડ ફુડમાં જીવજંતુઓ નીકળવા જેવા પણ અનેક કિસ્સા પ્રકાશમાં આવી ચુકયા છે. ટૂંકમાં કહીએ તો સતત વધી રહેલા પાર્સલ ફુડ કે પેકઝડ ફુડની બોલબાલાં આપણને હોસ્પિટલમાં બુમાબુમ પડાવી શકે છે જેથી તેનો ઉપયોગ સાવચેતી સાથે વ્યવહારુ રીતે કરવો જ યોગ્ય લેખાશે.

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@gmail.com